## જન્મદિને વધામણી



અબીર હાર્દિક દેસાઈ



મુકેશ ડી મોદી
મો. ૯૯૨૪૪ ૯૭૪૪૬



હેમીન ગિરીશભાઈ શ્રીમાળી
મો. ૯૫૩૭૪ ૯૭૧૫૬



શનાયા



ભવ્યાકુમારી પ્રદિપસિંહ ચાવડા
મો. ૯૯૨૪૮ ૮૯૨૯૦



નૈતિક અમિત સર્કલે
મો. ૯૯૦૯૯ ૬૫૯૧૬



ડો. દર્શન જયંતીભાઈ પટેલ
મો. ૮૮૬૬૬ ૬૯૫૫૩



ધર્મ મેહુલ વ્યાસ
મો. ૯૯૯૮૪ ૫૨૯૯૯

# આત્મન ફાઉન્ડેશને દિવાળી નિમિત્તે શ્રમજીવી બાળકોનાં હૈયાં અજવાળ્યાં



ગાંધીનગર, તા. ૨૮

'નાના દિવડે દિવાળી' એ વાતને નગરની સેવાભાવી સંસ્થા આત્મન ફાઉન્ડેશને સાર્થક કરી બતાવી છે. સૅક્ટર-૧ ૩ની સરકારી પ્રાથમિક શાળાનાં ૧૨૫ જેટલાં બાળકોને નવાં કપડાં, ફટાકડા અને મીઠાઈ અર્પણ કરીને દિવાળીની ઉજવણીને સાર્થક કરી હતી.

આત્મન ફાઉન્ડેશનનાં સંસ્થાપક પ્રજ્ઞાબેન પટેલ, એચ બી વરિયા, અશોક ત્રિવેદી, હસમુખ મેકવાન, સી ઍલ મહેતા, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ અને મંત્રી સંજય થોરાત, મમતા રાવલ, કિન્નરી ત્રિવેદી, રેખા ભટ્ટ, રણછોડ પરમાર વગેરે સેવાભાવી સભ્યોએ શ્રમજીવી વિસ્તારમાંથી ભણવા આવતા વિદ્યાર્થીઓને સૉકટર-૧૩ના બગીચામાં નોતરી ત્યાં એમની સાથે દિવાળી ઉજવી હતી.

આ બાળકોને નવાં કપડાં સાથે નાસ્તો અને ફટાકડા આપવામાં આવ્યા ત્યારે એમણે જે ખુશી અનુભવી એ શબ્દોમાં વર્ણવવી શક્ય નથી. પરંતુ, એમના ખુશખુશાલ ચહેરાએ આ સેવાભાવી નાગરિકોના હૈયામાં શાતા પહોંચાડી દીધી હતી. ફટાકડાનાં શુકન તો બાળકોએ ત્યાં ને ત્યાં જ કરી દીધા હતા ને આમ સૌની સાથે દિપાવલીની ઉજવણીનો આરંભ પણ સાહજિક રીતે જ થઈ ગયો હતો.

# એસ. જી. પ્રાથમિક શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



ગાંધીનગરની એસ. જી. પ્રાથમિક શાળામાં ગુરુવારના રોજ ધો- ૫ થી ૮ માટે વન ડે પિક્નિકનું આયોજન થયું હતું. સરદાર સરોવર,પોઈચા અને સ્વામિનારાયણ મંદિરના આ વન ડે પિકનિકમાં ૩૯૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પિક્નિક દરમ્યાન વિદ્યાર્થીઓએ સરદાર સરોવર ડેમ તેમજ જલવિદ્યુત મથકની મુલાકાત લીધી હતી. ત્યાં વિધ્યાર્થીઓએ વીજળી કઈ રીતે ઉત્પન્ન થાય છે તેની અને ડેમમાથી કેનાલમાં પાણી કેવી રીતે આવે છે તેની માહિતી મેળવી હતી તેમજ પોઈચામાં આવેલ સ્વામિનારાયણ ધર્મના ભવ્ય મંદિરની મુલાકાત લીધી હતી.ત્યારબાદ પોઈચામાં આવેલ ભવ્ય મ્યુઝીયમની મિલકત પણ લીધી હતી. આમ વિદ્યાર્થીઓએ પ્રવાસ દરમ્યાન ભારતીય સંસ્કૃતિનું તેમજ ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. સમગ્ર પિક્નિક આનંદમય રહી હતી.

# એસ. જી. પ્રાથમિક શાળામાં કેન્સર જાગૃતિનો કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર ની એસ.જી પ્રાથમિક શાળામાં સૌરિંન ભાઈ પરીખ (કડી) દ્વારા પ્રેરિત હ્યૂમન વેલ્નેસ ફાઉન્ડેશન સંસ્થા અંતર્ગત 'આયુષ' દ્વારા 'જીતુ ક્યારે જાગશે' ફિલ્મ દ્વારા કેન્સરની પ્રાથમિક માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સ્ત્રીઓના સ્તન કેન્સર,મોઢાનું કેન્સરની માહિતી અને તેના લક્ષણો, વ્યસનોથી શરીર પર થતી ગંભીર અસરો તેમજ કેવી રીતે તન્દુરસ્તી જાળવી રખાય તેનું માર્ગ દર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રોજેકટના કન્વીનર રવિન્દ્રભાઈ ચૌધરીએ શાળાના ૧૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને કેન્સર જાગૃતિનું સુંદર માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યા મિલી સિંઘે આ સંસ્થાનો આભાર માન્યો હતો.

# ટૉપ ઍજ્યુકેશન દ્વારા 'તપસ્યા ૨૦૧૬' નામે વર્કશૉપનું આયોજન કરાયું



## બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ ઓલિમ્પિયાડનું માર્ગદર્શન આપવામાં આવ્યું

ટૉપ ઍજ્યુકેશન, ગાંધીનગર દ્વારા ૨૨ ઓક્ટોબરથી ૨૭ ઓક્ટોબર દરમ્યાન 'તપસ્યા ૨૦૧૬' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું અને બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ ઓલિમ્પિયાડનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્કશોપના છેલ્લા દિવસે આંબેડકર ભવનમાં બેસ્ટ સ્ટુડન્ટ્સને ઈનામો આપીને બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે સંસ્થાના મોભીઓ મનીષભાઈ પટેલ, સંદિપભાઈ પટેલ, સંદિપભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ઝળકી

## અન્ડર-૧૭ વિભાગમાં વિદ્યાર્થીઓએ દ્વિતિય ક્રમ મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૮

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની હેન્ડબોલ સ્પર્ધા બુધવારે શેરથા ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થી ધૃવ વિક્રમભાઈ પટેલ, ઋષિ કનુભાઈ પટેલ, હર્ષ દિનેશભાઈ પટેલ, મીત સંજયભાઈ રાવલ, પાર્થ બાલકૃષ્ણભાઈ શાહ, આર્યન કીર્તીભાઈ ચૌધરી, કૃણાલ બાબુભાઈ ભાટી, રાજ કનૈયાલાલ પટેલ, ધવલ હિતેન્દ્રભાઈ વાઘેલા, વિરાજ ભરતભાઈ બારોટ, શૈમિન પંકજભાઈ પટેલ, નિખિલ ગનેશભાઈ અમલિયારે અન્ડર-૧૭ વિભાગમાં ભાગ લઈ દ્વિતિય ક્રમનું વિજેતાપદ મેળવ્યું હતું. શાળાના ટ્રસ્ટીઓ તેમજ જીઆઈપીએસ પરિવારે આ વિજેતા ખેલાડીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

**ડાયરેક્ટ ❤ સે**

મારે મર્યા પછી રોનારાં
નથી જોઈતા
મારી સાથે હસનારાંની ભીડ
વધારવી છે

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
શિવાય
૧૨.૧૫, ૩.૩૦,
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
એ દિલ હે મુશ્કિલ
૧૨.૦૦, ૩.૦૦,
૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩**
શિવાય
૧૦.૦૦
એ દિલ હે મુશ્કિલ
૧.૦૦, ૪.૦૦,
૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
એ દિલ હે મુશ્કિલ
૧૧.૦૦
શિવાય
૨.૦૦, ૫.૧૫, ૮.૩૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# દેશ અને ઈતિહાસને આકાર આપનાર 'સરદાર'




નડીઆદ ખાતે ૩૧ ઓક્ટોબર ૧૮૭૫ના રોજ જન્મેલા વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ માતા લાડબાના ચોથા પુત્ર હતાં. તેઓની વાણી ચરોતરના પટેલને છાજે એવી ખરબચડી અને સ્પષ્ટ હતી. હૈયે હોય તેવું હોઠે આવતું. પણ એમની પાસે 'મોટિવ પાવર' હતો.

બારડોલીના કિસાન સત્યાગ્રહ સાથે તેઓએ રાષ્ટ્રીય ચળવળોમાં સક્રિય થયા. અને દેશી રાજ્યોનું વિલીનીકરણ કરી દેશ અને ઈતિહાસને આકાર આપ્યો. તેમાં તેમને માઉન્ટબેટનનો ઘણો સહકાર મળ્યો. માઉન્ટબેટને કહેલું કે: 'એક અખંડ રાષ્ટ્ર બનતાં ભારતને પંદર વર્ષ લાગશે એવું મેં માનેલું, પરંતુ સરદારે એવો ચમત્કાર દસ-બાર મહિનામાં જ કરી બતાવ્યો.' સત્ય અને અહિંસા દ્વારા નાગપુર, બોરસદ અને બારડોલીનો સત્યાગ્રહ સફળ બનાવી શક્યા અને તેદ્વારા ગાંધીજીની પ્રાર્થનામાં ગવાતા ' સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોતું નવ સંઘરવું...પોતે ગાંધી કરતાં ઊણા છે એમ કહેનાર સરદારે આ વ્રતો આચરણમાં મૂકી બતાવ્યાં.' તેઓ બાપુનું આંધળુ અનુસરણ નહોતા કરતા પણ હંમેશા બાપુની દષ્ટીએ જોવાનો પ્રયત્ન કરતા હતા. સાથે સાથે તેમની પોતાની પણ એક આગવી દષ્ટી હતી. આભડછેટ તો એમને કદી સ્પર્શી નહીં.

આદિવાસીઓ અને દલિતકલ્યાણની પ્રવૃત્તિઓ, ખાદી, ગ્રામોદ્યોગ, નશાબંધી, નઈ તાલીમ, આશ્રમશાળાઓ, દલિત સેવક સંઘની પ્રવૃત્તિ તથા ભીલ સેવામંડળ જેવી પ્રવૃત્તિઓને તેઓ હંમેશા માર્ગદર્શક રહ્યા.

વત્તપ્રધાનના પદને લાયક સરદારે ગાંધીજીના આદેશને માન આપી આજાદ ભારતના પહેલા નાયબ વડાપ્રધાનપદું સ્વીકાર્યું. કુશાગ્ર બુદ્ધિ, વિચક્ષણ રાજનીતિજ્ઞતા, વિચાર વિનિમય અને વાક્ચાતુર્યતાને કારણે ગૃહખાતાની જવાબદારી, માહિતી પ્રસારણ મંત્રી, આઝાદી પછી ૫૬૨ દેશી રજવાડાઓનું વિલિનિકરણ, નિરશ્રિતોની રોજી-રોટી તથા રહેઠાણની સમસ્યાઓ, જાતિ આધારિત સમસ્યાઓ, પક્ષને લગતા પ્રશ્નો, સરકારની નાણાકિય, વહિવટી જેવી અગત્યની સમસ્યાઓ તેઓની નાદુરસ્ત તબિયત હોવા છતાં ખૂબ જ ઓછા સમયમાં સુલઝાવી ભારતને અખંડિતતા બક્ષી. મહર્ષિ શ્રી અરવિંદે તો તેમની શકિતને બિરદાવતાં "Out of all them Patel is the only strong man."

ચાણક્ય પછી ભારતને સરદાર મળ્યા... ગાંધીજીએ તેમના વિશે કીધું કે: 'વલ્લભભાઈ મને ન મળ્યા હોત તો જે કામ થયું તે ન જ થાત. એટલો બધો શુભ અનુભવ મને એમનાથી થયો છે.'

ખેડૂતો વિશે તેઓ કહેતા કે: 'આજે ખેડૂતોની સ્થિતિ સડકો પર કાંકરા પાથરે છે તેના જેવી છે. સડક પર જેટલા કાંકરાનાં માથાં ઊંચા હોય તેટલાને રોલર ફેરવી બેસાડી દેવામાં આવે છે, તેમ ગુજરાતના તમામ ખેડૂતો ઉપર ફેરવવા સરકારે એન્ડર્સન પેટાન્ટનો સ્ટીમરોલર રાખ્યો છે.'

અમદાવાદમાં અંગ્રેજી વસ્તુઓની હોળીઓ કરવામાં મદદ કરી તથા તેમાં પોતાના બધા અંગ્રેજી શૈલીના કપડાઓ નાંખી દીધા. તેમણે પુત્રી મણીબેન તથા પુત્ર ડાહ્યાભાઈ સાથે સંપુર્ણ ખાદી પહેરવાનું શરૂ કર્યું. સ્વદેશી રંગે રંગાયેલા સરદારની જીવનશૈલી અને પહેરવેશ ખુબ સાદા હતા. હંમેશા મણિબહેને કાંતેલા સૂતરથી ખાદીના વસ્ત્રો પહેરતા. વીસ વર્ષ જેટલું જુનું ચશ્માનું ખોખું...ત્રીસ વર્ષ જૂની ઘડિયાળ... ચશ્માની એક દાંડી તુટેલી...બેરિસ્ટર તરીકેની માસિક ચાલીસ હજાર જેટલી આવક હતી. પણ જ્યારે ડિસેમ્બર ૧૯૫૦માં સરદારનું અવસાન થયું ત્યારે તે નાયબ વડાપ્રધાન હતા અને બેંક બેલેન્સ ત્રણસો રૂપિયા હતું. તેમણે તેમના કૌટુંબિક લાભો, દરજ્જો, બધું દેશને સમર્પિત કરી દીધેલ.

સરદારનો દરેક કોમ અને જાતિ પ્રત્યેનો અભિગમ સમાન હતો. એટલે જ ' સરદારને મુસ્લિમ વિરોધી કહેવા એ સત્યનો ઉપહાસ કરવા સમાન છે. ' તેવું ગાંધીજીએ કહેલું. તેમનો મુસ્લિમો પ્રત્યેનો અભિગમ બિલકુલ સ્પષ્ટ અને હતો તેવું તેમણે મુસ્લિમો અંગે લીધેલા નિર્ણયો અને કરેલા વિધાનોમાંથી ઉપસી આવે છે. તેમણે જણાવ્યું કે : 'રાષ્ટ્રને વફાદાર મુસ્લિમને ભારતમાં કોઈપણ વફાદાર હિંદુ જેટલું જ સંરક્ષણ મેળવવાનો અને હિંદુઓ જેવા જ હક્કો ભોગવવાનો અધિકાર છે.' પણ તેમનો બિનરાષ્ટ્રવાદી મુસ્લિમો પ્રત્યેનો રવૈયો અલગ હતો. હૈદરાબાદના નિઝામ પોતાના રાજ્યને પાકિસ્તાન સાથે જોડવા માટે તે છેલ્લા શ્વાસ સુધી લડી લેવા તૈયાર હતા. ત્યારે સરદારે નિઝામને મક્કમતાથી કહ્યું કે: 'મારી તમને સલાહ છે કે મોડું થાય તે પહેલાં સૂર્યને જોઈ લો. અજવાળું દેખાય છે ત્યાં સુધી અંધારામાં ભૂસકો ના મારો. ' આમ, બિનરાષ્ટ્રવાદી મુસ્લિમો પ્રત્યેનો તેમનો વ્યવહાર ખુબ કડક હતો. એકવાર સરદાર ન્યાયાલયમાં એક સાક્ષીની ઉલટ-તપાસ કરી રહ્યા હતા તે સમયે તેમના પત્નીના દેહાંતના સમાચાર આપતી ચબરખી આપવામાં આવી. તે તેમણે વાંચી અને પોતાના ખીસ્સામાં સરકાવી દીધી અને સાક્ષીની ઉલટ તપાસ ચાલુ રાખી અને તેઓ તે મુકદમો જીતી ગયા.

અમદાવાદ ખાતે સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારકની સ્થાપના કરવામાં આવી જેના સંગ્રહાલયમાં સરદારની અંગત વસ્તુઓ અને ચિત્રોનું પ્રદર્શન, ઐતિહાસિક ફોટા તથા ગ્રંથાલય અને મહત્વના દસ્તાવેજોનો રાખવામાં આવ્યા છે. ઉપરાંત, ભારતમાંની ઘણી સાર્વજનિક સંસ્થાઓને સરદારનું નામ આપવામાં આવ્યું છે. નર્મદા નદી ઉપર બંધાયેલા બંધને સરદાર બંધ અને ત્યાં વિશ્વમાં સૌથી ઊંચી સરદારની પ્રતિમા મૂકવાનું આયોજન પણ છે. સરદાર વલ્લભભાઈ નેશનલ ઈંસ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, સરદાર પટેલ વિશ્વવિદ્યાલય જેવી અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓને સરદારનું નામ સાથે જોડવામાં આવી છે. રિચર્ડ એટનબરોના 'ગાંધી' નામના ચલચિત્રમાં સૈયદ જાફરીએ સરદારની ભૂમિકા ભજવી હતી. અને કેતન મહેતાએ સરદારના જીવન ચરીત્ર ઉપર ચલચિત્ર બનાવ્યુ હતું કે જેમાં સરદારનું જીવન, ભારતના ભાગલા, રજવાડાઓનું એકીકરણ, તે વખતની રાજકીય પરિસ્થિતિ વિગેરેને લક્ષમાં રાખીને બનાવેલ તેમાં સરદારની ભૂમિકા પરેશ રાવળે ભજવી હતી.

